सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૫–૧૧–૨૦૨૨ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૫–૧૧–૨૦૨૨ |
| ફેંસલ તારીખ | ૨૨–૧૧–૨૦૨૩ |
| સમયગાળો | <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u> |
| | ૦૧ ૦૦ ૦૭ |

**<u>મહે.વડનગરના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલત, વડનગર.</u>**

**<u>ક્રિમી. કેસ નંબર:૮૫૨/૨૦૨૨.</u>**

**<u>આંક :</u>**

| | | |
|---|---|---|
| **<u>ફરિયાદી</u>** | : | શ્રી સરકાર....<br>(વડનગર પોલીસ સ્ટેશન પ્રોહી. ગુના. રજી. નં. સી.૧૧ ૨૦૬૦૭૩૨૨૦૨૯૬/૨૦૨૨) |
| | **<u>વિ રૂ ઘ્ધ</u>** | |
| **<u>આરોપી</u>** | : | ઠાકોર વિક્રમજી બાલાજી હિરાજી,<br>રહે.વડનગર અર્જુનબારી દરવાજા,<br>તા.વડનગર, જી. મહેસાણા. |
| **<u>બાબત</u>** | : | **પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ.એ.) મુજબ...** |

| | | |
|---|---|---|
| ફરિયાદ પક્ષ તરફે | : | વિ.એ.પી.પી.શ્રી.પી.બી.દવે. |
| આરોપી પક્ષ તરફે | : | વિ.વકીલશ્રી.એલ.જી.શ્રીમાળી. |

**<u>–: ઠ રા વ :–</u>**

(૧).. ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીએ તા.૦૭–૦૫–૨૦૨૨ ના રોજ ક.૧૮:૦૦ થી ૧૮:૩૦ વાગ્યાના સુમારે મોજે વડનગર, અર્જુનબારી દરવાજા, શિતળામાતાના વાસ ખાતે પોતાના કબ્જા ભોગવટાના ઘરની આગળ આવેલ છાપરામાં ગેરકાયદેસરનો વગર પાસ પરમીટનો દેશી દારૂ લિ.૦૪, કિંમત રૂા.૮૦/– નો રાખી રેઈડ

દરમ્યાન ઘરે હાજર નહી મળી આવી ગુનો કરેલ. ફરીયાદીએ આ મતલબની ફરીયાદ આપતા પોલીસે ગુનો રજીસ્ટર કરી તપાસના અંતે આરોપી વિરુધ્ધ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ.એ.) મુજબના ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

(૨).. ત્યારબાદ, આરોપીને અત્રેની અદાલત ધ્વારા ધોરણસરના સમન્સની બજવણી કરતા તેઓ તેમના વિ.વકીલશ્રી ધ્વારા અત્રેની અદાલતમાં હાજર થયેલા. ત્યારબાદ, તેઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ અન્વયે ચાર્જશીટ તેમજ તપાસના અન્ય કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલી. ત્યારબાદ આંક–૭ થી આરોપી સામેના ગુનાનુ તહોમતનામું ફરમાવી આરોપીનો આંક–૮ થી જવાબ રેકર્ડ કરવામાં આવતા જેમાં આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરેલો અને જણાવેલ કે કેસ આગળ ચલાવવો છે.

(૩).. ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે:

**–:: મૌખિક પુરાવો ::–**

| ક્રમ | આંક | સાહેદો |
|---|---|---|
| ૧ | ૦૯ | પંચસાહેદ અઘેલી અકબરઅલી ગુલામહુસેનની સોગંદ ઉપરની જુબાની |
| ૨ | ૧૧ | પંચસાહેદ ચાવડા રાજેન્દ્રસિંહ નવુજીની સોગંદ ઉપરની જુબાની |

**–:: દસ્તાવેજી પુરાવો ::–**

| ક્રમ | આંક | દસ્તાવેજોનું વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૨ | ફરિયાદ |
| ૨ | ૧૦ | મુદ્દામાલ કબજે કર્યા બાબતનું પંચનામું |

(૪).. સદર કામે આરોપીનું વિશેષ નિવેદન ક્રિ.પ્રો.કો.ક.૩૧૩ મુજબ નીવેદન લેવામાં આવેલ છે. જેમાં તેઓ નિર્દોષ છે અને ખોટી રીતે સંડોવી દીઘેલ હોવાનું કથન કરે છે. વધુમાં તેઓ બચાવના સાહેદો તપાસવા માંગતા ન હોવાની રજુઆત કરે છે.

**(૫)..** આ કામે સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રી. ની અને આરોપી પક્ષે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

**(૬)..** ફરિયાદપક્ષનો પુરાવો તથા બંને પક્ષોની દલીલો લક્ષમાં લેતા, આ કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે:

**<u>-:: મુદ્દાઓ ::-</u>**

(૧) શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૭-૦૫-૨૦૨૨ ના રોજ ક.૧૮:૦૦ થી ૧૮:૩૦ વાગ્યાના સુમારે મોજે વડનગર, અર્જુનબારી દરવાજા, શિતળામાતાના વાસ ખાતે પોતાના કબ્જા ભોગવટાના ઘરની આગળ આવેલ છાપરામાં ગેરકાયદેસરનો વગર પાસ પરમીટનો દેશી દારૂ લિ.૦૪, કિંમત રૂા.૮૦/- નો રાખી રેઈડ દરમ્યાન ઘરે હાજર નહી મળી આવી ગુનો કરેલ. ફરીયાદીએ આ મતલબની ફરીયાદ આપતા પોલીસે ગુનો રજીસ્ટર કરી તપાસના અંતે આરોપી વિરુધ્ધ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ.એ.) મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૭)..** ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે:

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**-:: નિર્ણય માટેના કા ર ણો ::-**

**<u>મુદ્દા નંબર-૧</u> :-**

**(૮)..** હાલના કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો જોતા **આંક:૧૦** ના મુદ્દામાલ રીકવરી પંચનામાના પંચ સાહેદોને તેમની **આંક:૦૯ તથા આંક:૧૧** ની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી અને તૈયાર પંચનામામાં સહી કર્યા હોવાનું જણાવેલ છે. આમ, **આંક:૧૦** થી રજુ મુદ્દામાલ રીકવરીનું પંચનામુ પંચ સાહેદોની જુબાનીથી પુરવાર થઈ આવેલ

નથી. વધુમાં, હાલના કેસમાં ફરીયાદ પક્ષે કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસેલા નથી.આમ, માત્ર પોલીસ સાહેદોના પુરાવા પર આધાર રાખી આરોપી સામેનો કેસ શંકાથી પર સાબીત થતો નથી. વધુમાં, ફરીયાદ પક્ષ તરફે એવો કોઈ પુરાવો રજુ કરેલ નથી કે જેનાથી સાબીત થઈ શકે કે મુદૃામાલ કબજે કરેલ તે જગ્યા આરોપીની માલીકી/કબજાની છે.આમ, હાલના કામે પકડાયેલ મુદૃામાલ હાલના આરોપીની માલીકી/કબજાવાળી જગ્યામાંથી પંચોની હાજરીમાં પોલીસે કબજે કરેલ છે તેવી હકીકત રજુ પુરાવા પરથી પુરવાર થતી નથી. આમ, ફરીયાદ પક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી.આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટનો નીચે મુજબનો ચુકાદો ધ્યાને લેવો જરુરી છે. '' **નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ગુજરાત રાજય વિરુધ્ધ ભીખાભાઈ કાલીદાસ પટેલ ૧૯૮૫(૨) જી.એલ.આર. પાન નં. ૭૭૫ ના ચુકાદામાં** જણાવેલ પંચનામા બાબતના સિધ્ધાંતો ધ્યાને લેતાં જયારે પંચોની હાજરીમાં પોલીસે કામગીરી કરેલ હોવાનુ જણાવેલ હોય અને પંચ સાહેદોએ જુબાનીમાં તે હકીકતોને સમર્થન આપેલ ન હોય ત્યારે આરોપીને દોષી ઠરાવી શકાય નહી.'' આમ, હાલના કામે પણ પોલીસે પંચ સાહેદોની હાજરીમાં કામગીરી કરેલ હોવાનુ જણાવેલ છે પરંતુ પંચ સાહેદોએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી જેથી તે સંજોગોમાં આરોપી પાસેથી કહેવાતો મુદૃામાલ કબજે કરવામાં આવેલ હોવાનું રજુ પુરાવા પરથી પુરવાર થતુ નથી. આમ, ઉપરોકત તમામ સંજોગોમાં ફરીયાદ પક્ષનો કેસ શંકાથી પર પુરવાર થતો નથી. વધુમા, **નામદાર સુપ્રીમ કોર્ટનો ચુકાદો સતિષ મહેરા વિરુધ્ધ દીલ્લી એડમીનીસ્ટ્રેશન ૧૯૯૬ (૩) ક્રાઈમ્સ (સુ.કો.) પાન નં. ૮૫ ના ચુકાદામાં** પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા જયારે રજુ થયેલ પુરાવા ઉપરથી કેસનો અંત સજામાં પરીણમેશે નહી તેમ જણાય તો કોર્ટનો કિંમતી સમય ટ્રાયલની પ્રક્રિયા પુરી કરવામાં વેડફવો જોઈએ નહી. તેવા સંજોગોમાં સદરહું કામમાં સબસ્ટેન્સીઅલ પુરાવો નોંધી તમામ સાક્ષીઓ ફરીયાદ પક્ષ તરફથી તપાસવામાં આવેલ નથી. આમ, ફરીયાદ પક્ષ પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, રજુ કરેલા પુરાવાનું મુલ્યાંકન કરતાં ફરીયાદ પક્ષના આક્ષેપોને સમર્થન મળતુ ના હોય અને દસ્તાવેજી પુરાવા ઉપરથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ ના હોય,

આરોપી સામેનો ગુનો પુરવાર થતો ના હોય, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ર બાબતે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું:

**-:: આખરી હુકમ ::-**

(૧) આ કામના આરોપી ઠાકોર વિક્રમજી બાલાજી હિરાજી,, રહે.વડનગર અર્જુનબારી દરવાજા તા.વડનગર, જી.મહેસાણાનાઓને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ- ૨૪૮(૧) અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ.એ.) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાં થી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ-૪૩૭(એ) મુજબનાં રૂા. ૫,૦૦૦/- નાં અપીલ સમય સુધીનાં જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે કબજે કરેલ પ્રોહી મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવા તથા અન્ય મુદામાલ બાબતે અગાઉ કરવામાં આવેલ વચગાળાનો હુકમ કાયમી કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ-૨૨મી, માહે-નવેમ્બર, સને-૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:-૨૨-૧૧-૨૦૨૩
સ્થળ:-વડનગર

(અલ્પા પ્રભુદાસ કડીવાર )
CODE- GJ01554
જયુડી.મેજી.ફ.ક.
વડનગર. જિ.મહેસાણા.

Principal Judi. Magi. First Class,
Vadnagar.